# જહાં ચાહ, વહાં રાહ

## વડોદરાના ચાર યુવામિત્રોએ ઝીરો બજેટમાં શહેરની પ્રથમ સાઈ-ફાઈ સાઈકો થ્રિલર ફિલ્મ બનાવી



વિનીત, પરીક્ષિત, દીપ અને રાહુલના સંયુક્ત સાહસનું રચનાત્મક પરિણામ મળ્યું છે.

**મેહુલ વ્યાસ. વડોદરા**

m_mehul@guj.bhaskarnet.com

'જહાં ચાહ વહાં રાહ' કહેવતનું ઉત્તમ દૃષ્ટાંત શહેરના સાયન્સ અને ટેક્નોલોજી અને કલાક્ષેત્રનો અભ્યાસ કરી રહેલા ચાર મિત્રોએ આપ્યું છે. આ ચાર મિત્રોએ શૂન્ય બજેટમાં સાયન્સ ફિક્શન ફિલ્મ બનાવી છે. જે ૨૬ નવેમ્બરે ફાઈન આર્ટ્સ અને પરફોર્મિંગ આર્ટ્સના પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત વન ડે ફિલ્મ ફેસ્ટિવલ 'ફિલ્મ્સ'- ધ રિલ (ઓ)પિપલમાં સ્ક્રિનિંગ કરવામાં આવશે.

**ડ્રીમ્સ અનલિમિટેડ**

આ સાયન્સ ફિક્શન ફિલ્મનું નામ 'પ્રોજેક્ટ ફિયર' - રિઝન ફોર એક્ઝિસ્ટન્સ' છે. તેના લેખક - દિગ્દર્શક અને હાલ એમ.એસસી.ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતાં દીપ પંજવાણીએ ફિલ્મ વિશે કહ્યું કે, 'ચારેક વર્ષ પહેલાં ધો.૧૨ના વિદ્યાર્થીને આવતાં દુઃસ્વપ્નો પર કાલ્પનીક નવલકથા લખી હતી. જેની મિત્રો ચર્ચા કરતાં આ વિષય પર ફિલ્મ બને તેવો વિચાર સૂઝ્યો હતો. બે વર્ષ પહેલાં પપ્પાએ મને એક હેન્ડિકેમ ગિફ્ટ કર્યો તેની સાથે સાથે ફિલ્મ બનાવવા ઉત્સુક એવા અન્ય મિત્રો સાથે કરી ફિલ્મ બનાવવા અંગેની વાતોનો દોર શરૂ થયો. ફિલ્મ એડિટીંગનો જાણકાર કમ્પ્યુટર ઈન્સ્ટ્રક્ટર વિનીત કનોજીયા, સિવિલ એન્જિનિયરિંગના વિદ્યાર્થી અને વિએફએક્સ જાણકાર પરીક્ષિત મરાઠે અને સાઉન્ડ - ડબીંગ જાણતાં એફ. વાય. બી.એસસી.ના વિદ્યાર્થી રાહુલ ભોળે સાથે મળીને અમે ફિલ્મ બનાવવાની શરૂઆત કરી દીધી.'

ફિલ્મના નિર્માણ અંગે વાત કરતાં વિનીતે જણાવ્યું કે, 'અમારો જુસ્સો અને હેન્ડિકેમ એમ માત્ર બે જ પરિબળોને સહારે અમે ફિલ્મ બનાવવી શરૂ કરી. મિત્રો અને ફિલ્મમાં એક પણ પૈસો લીધા વિના અભિનય આપનારા કલાકારો રવિ રાજપૂત, જીતુ પવાર, સુવર્ણા કેળકર, આર.એસ.પંજવાણી વગેરેના સહકારથી ફિલ્મનું શૂટીંગ શરૂ કર્યું. બજેટ ન હોવાથી ઈનડોર શૂટિંગ પરિચિતોના મકાનમાં કર્યું અને આઉટડોર નવલખી કમ્પાઉન્ડ સહિત શહેર આસપાસના સ્થળોને પસંદ કર્યું હતું. ત્યારબાદ એડિટીંગ કરી ૧૪ મહિનામાં ૭૫ મીનીટની ફિલ્મ તૈયાર કરી.'

પરિક્ષીત મરાઠેએ સૂર પૂરાવતા કહ્યું કે, 'હેન્ડિકેમથી બનતી ફિલ્મ હોમ વિડીયો જેવી ન બને તે માટે અમે ચારેય મિત્રો મુંબઈ ખાતે યોજાયેલા ઓટોડેસ્કના સેમિનારમાં ગયા હતા. ત્યાં મળેલી માહિતી ઉપયોગી સાબિત થઈ હતી.' ગત જુલાઈ માસમાં તૈયાર થઈ ગયેલી ફિલ્મની સ્ક્રિનિંગ (રજૂઆત) સુધીની વાત કરતાં રાહુલ ભોળેએ કહ્યું કે, 'ફિલ્મની રજૂઆત કેવી રીતે કરવી એ અંગે દ્વિધામાં હતા. દરમિયાન શહેરમાં શરૂ થઈ રહેલી ફિલ્મ ક્લબની શરૂઆતમાં જ અમારી ફિલ્મનું સ્ક્રિનિંગ કરવાની વાત થઈ ત્યારથી અમે ઘણાં ઉત્સાહિત થઈ ગયા છીએ.'